# જય જિનેન્દ્ર

૨૬૦૦મા જન્મકલ્યાણક અવસરે
વિશેષ પૂર્તિ
'जयइ महप्पा महावीरो'

મંગલાચરણ અંક ● વર્ષ ૧ : અંક ૧ ● સં. ૨૦૫૮, ચૈત્ર સુદ ૧૩, ભગવાન મહાવીરનું ૨૬૦૦મું જન્મકલ્યાણક

## પ્રથમ મુલાકાતની મંગળ વેળાએ

'જૈનં જયતિ શાસનમ્' આપણે બધાં વારંવાર, રોજેરોજ બોલીએ છીએ. જૈન શાસન સદાકાળ જયવંતું છે, હતું અને રહેશે. પૂર્વકાળના આપણા મહાન જૈનાચાર્યોએ જૈન શાસન માટે મરી ફીટવાની તમન્ના ઠેકાણે ઠેકાણે વ્યક્ત કરી છે. ભવાંતરમાં જિનશાસન વિનાનું ચક્રવર્તી પદ અને જિનશાસન સહિતની ગરીબી એ બેમાંથી કંઈ એક પસંદ કરવાનું આવે તો જિનશાસન સહિતની ગરીબી જ પસંદ કરવાના વિચારો તો જિનધર્મ વાસિત ચક્રવર્તીઓ સુદ્ધાંએ પણ વ્યક્ત કર્યા છે. ગ્રેટ બ્રિટનના વિશ્વવિખ્યાત નાટ્યકાર જ્યોર્જ બર્નાર્ડ શોએ પણ એવું વિધાન કર્યું હોવાનું વાંચ્યું હતું કે 'જો ખરેખર પુનર્જન્મ હોય તો હું આવતા જન્મમાં ભારતમાં જૈન પરિવારમાં જન્મ લેવાની ઇચ્છા રાખું છું.'

જૈન શાસનની મહત્તા સ્વયં પ્રસ્થાપિત છે. સૂર્ય, ચંદ્ર, પવન, આકાશ જેવાં તત્ત્વો જેમ સનાતન સત્ય છે તેમ જિનશાસન પણ સનાતન સત્ય છે. જૈન શાસનની સેવા કરવામાં પૂર્વર્ષિઓએ, સાધુવર્યોએ, સાધ્વીશ્રેષ્ઠોએ, શ્રાવક શ્રાવિકાઓએ ક્યાંય પાછું વાળીને જોયું નથી. જિનધર્મનિષ્ઠ એવી નામી અનામી દરેક વ્યક્તિએ પોતપોતાની રીતે જિનશાસનના વિકાસમાં, તેની ઉન્નતિમાં અને તેની પ્રગતિમાં યથાશક્તિ ફાળો આપ્યો છે. કાલકાચાર્ય જેવા મહાસંતોએ જૈન શાસનની રક્ષા માટે શસ્ત્રો ઉઠાવ્યાં હતાં. સિદ્ધસેન દિવાકરસૂરિ, હરિભદ્રસૂરિ, અભયદેવસૂરિ, મુનિસુંદરસૂરિ, હેમચંદ્રાચાર્ય જેવા પૂર્વસૂરિઓ નાખી નજર પહોંચે નહીં એટલો અખૂટ સાહિત્ય વૈભવ આપણને આપી ગયા છે. ઓજસથી છલકાતું સાહિત્ય, ભવ્યતાપૂર્ણ શિલ્પસમૃદ્ધિ, આધ્યાત્મિક સર્વોચ્ચતા, રોમાંચક ઇતિહાસ, જગતની અજાયબી જેવી મહાત્યાગી સાધુસંસ્થા, દાનવીરોનાં પાવન નામોથી ગાજતી ગામેગામની ગલીઓ; આ બધું કેટલું અદ્ભુત લાગે છે!

ભારે કપરો ગણાય એવા સમયમાં ચંપા જેવી શ્રાવિકાઓએ જૈન શાસનની ગરિમા સાચવી જાણી છે. ચંપા શ્રાવિકા હોય નહીં ને હીરવિજયસૂરિ મહારાજનો ભેટો સમ્રાટ અકબરને થાય નહીં. સમ્રાટ અકબર સાથે થયેલી હીરવિજયસૂરિ મહારાજની મુલાકાતે ઇતિહાસનાં પાનાં કેવાં બદલી નાખ્યાં! આ યુગમાં ગંગામા અને હરકોર શેઠાણી જેવી શ્રાવિકાઓએ મૂછાળા મરદોને ઝાંખા પાડે એવી ધર્મ પ્રભાવના કરી દેખાડી છે. વાત જ કેવી રોમાંચક છે!

કુમારપાળ મહારાજા, વસ્તુપાલ તેજપાલની બંધુબેલડી, જગડૂશા અને ભામાશા જેવા જિનશાસનની ખાણમાં થયેલા નરરત્નોએ તો જૈન શાસનનું જ નહીં સમગ્ર આર્યાવર્તનું નામ જગતના ચોગાનમાં રોશન કર્યું છે.

આ બધાંને જે જૈન શાસન મળ્યું હતું એ જ જૈન શાસન સદ્ભાગ્યે તમને, મને, આપણને બધાંને મળ્યું છે. જિનશાસન મળ્યાના આનંદનો અનુભવ કરતાં જ મન બાગ બાગ થઈ જાય છે.

પૂર્વ પુરુષોની હરોળમાં તો ન જ આવી શકાય, તેમ છતાં જૈન શાસનની સેવા કરવાનો કંઈક મનસૂબો છે. વિચાર વિનિમય માટે વર્તમાન યુગમાં 'મિડિયા'ને ઉત્તમ સાધન માનવામાં આવે છે. 'જય જિનેન્દ્ર'ના માધ્યમથી અવાર નવાર મળતા રહીશું. કેટલા કેટલા સમયના અંતરે મળીશું એ તો અત્યારે કહેવું મુશ્કેલ છે, હાલ તુરત દર મહિને એક વાર મળવાનો મનસૂબો છે. જો કે પ્રયત્નો તો આ અંતરને ઘટાડવાના જ રહેશે. જ્યારે જ્યારે પણ મળીએ ત્યારે જિનશાસનને એના વિરાટ અર્થમાં સમજતા રહીશું. એની કંઈક સેવા સાથે મળીને કરતા રહીશું. એની મહાનતાને સમજવાનો અને એની ઉદારતાને આત્મસાત્ કરવાનો પ્રયત્ન કરતા રહીશું. કોઈ પણ પ્રકારની ખંડનાત્મક પ્રવૃત્તિથી દૂર રહેવાની 'જય જિનેન્દ્ર'ની અપેક્ષા રહેશે. આગળ કહ્યું તેમ જૈન શાસનની સેવા કરવાનો કંઈક મનસૂબો છે. આ મનસૂબો અનેક રીતે પાર પડી શકે. જૈન શાસનની સેવા માટે આજની પેઢી શું શું કરી શકે, આજે જે સ્વરૂપની સાધુ સંસ્થા છે એની પાસેથી જૈન સમાજ કેવી કેવી અપેક્ષા રાખે છે, આજે જે સ્વરૂપની સાધ્વી સંસ્થા છે એની સુષુપ્ત શક્તિઓનો કેવી રીતે ઉપયોગ કરી શકાય, જગતનું સ્વરૂપ ખાસ કરીને છેલ્લાં પચીસેક વર્ષોમાં જે રીતે સમૂળગું બદલાઈ ગયું છે એવા સમયમાં વર્તમાન જૈન સમાજ જિનશાસનની કંઈક ઝંખવાયેલી મહાનતાને કઈ રીતે પુનઃ પ્રસ્થાપિત કરી શકે; વગેરે પ્રશ્નો ઉપર કંઈક ધીરજથી, કંઈક ગંભીરતાથી કેટલીક નક્કર વાસ્તવિકતાઓને સ્વીકારીને વિચારવાનો અવસર ઘણો વહેલો પાકી ગયો છે. આ અને આવા પ્રશ્નો ઉપર નિખાલસ ભાવે, કટુતાથી દૂર રહીને, તેમ છતાં તદ્દન નિર્દંભપણે અને મુક્તમને પક્ષાપક્ષીમાં પડ્યા વગર કંઈક ચર્ચા થાય એવું 'જય જિનેન્દ્ર' ઇચ્છે છે અને એ દિશામાં જ 'જય જિનેન્દ્ર'ના બધા પ્રયત્નો રહેશે. અમારા આ પ્રયત્નોમાં કૃપાળુ ગુરુદેવોના મંગલ આશીષ અને શાસનદેવોની સહાય અમને સતત મળ્યા કરે એ જ શુભ કામના.

— નિર્વેદ આચાર્ય
**સંપાદક : 'જય જિનેન્દ્ર'**

### ૨૬૦૦મા જન્મકલ્યાણક અવસરે સોનામાં સુગંધ : ભગવાન મહાવીર અંગે વિશેષ પૂર્તિ

સં. ૨૦૫૮, ચૈત્ર સુદ ૧૩. આજે શ્રમણ ભગવાન મહાવીરનું ૨૬૦૦મું જન્મકલ્યાણક છે અને 'જય જિનેન્દ્ર'નો શુભારંભ પણ આજના મંગલમય શુભ દિવસે જ થઈ રહ્યો છે. ભારતભરમાં આજે ઉત્સાહનો માહોલ છે. ૨૬ સૈકાઓ જેટલા લાંબા કાળમાં દુનિયામાં ઘણાં પરિવર્તનો આવી ગયાં છે. આજે જગત આખું એક મુઠ્ઠીમાં સમાઈ જાય એવડું નાનું બની ગયું છે. આપણી માટે એક તરફ ૨૬૦૦મા જન્મકલ્યાણકના આનંદનો ઉત્સવ અને ઉત્સવનો આનંદ છે જ્યારે બીજી તરફ દુનિયામાં જાણે ચારે તરફ આગ લાગી છે. અશાંતિની જ્વાળાઓમાં જગત જાણે હોમાઈ ગયું છે. આવી સ્થિતિમાં એ વિરલ વિભૂતિએ આ જગતને આપેલા સિદ્ધાંતો આજની દુનિયા માટે વધુ ને વધુ પ્રાસંગિક બની રહ્યા છે. ભગવાન મહાવીરે સૂચવેલા સિદ્ધાંતો વગર શાંતિ થવી મુશ્કેલ છે એમ જગતના સારા સારા ચિંતકો પણ હવે માનતા થયા છે.

'જય જિનેન્દ્ર' આ અવસરે ભગવાન મહાવીરની જીવનચર્યા અને તેમનો ઉપદેશ વિવિધ આગમોના આધારે થોડા પણ મૂલ્યવાન શબ્દોમાં રજૂ કરે છે. આ રીતે 'જય જિનેન્દ્ર'નો પ્રથમ અંક ભગવાન મહાવીર વિષેની વિશેષ પૂર્તિરૂપ બની રહ્યો છે. અમારી માટે આ સોનામાં સુગંધનો અવસર છે.

# શ્રમણ ભગવાન મહાવીર...

*સમગ્ર જૈન સાહિત્યમાં ૪૫ આગમો એ શ્રમણ પરંપરાનું જૂનામાં જૂનું સાહિત્ય છે. એમાં પણ પ્રથમ અગિયાર અંગસૂત્રો તો કંઈક અલગ જ મહત્ત્વ ધરાવે છે. એમાં પણ પ્રથમાંગ આચારાંગસૂત્ર એ જૈન આગમ અને આગમેતર સાહિત્યમાં શિખર ઉપરના કળશ સમું છે. આ સૂત્રમાં શ્રમણ ભગવાન મહાવીરના જીવનની સૌથી પ્રાચીન વિગતો સચવાયેલી પડી છે.*

*ભગવાન મહાવીરના ૨૬૦૦મા જન્મકલ્યાણકના મંગલ અવસરે તેમના સાધનાકાળના જીવનની એક આછી ઝલક આચારાંગસૂત્રના આધારે અહીં પ્રસ્તુત છે.*

ભગવાન મહાવીરના પંચમ પટ્ટધર ભગવાન સુધર્મા ગણધરે પોતાના પ્રધાન શિષ્ય જંબૂસ્વામીને ઉદ્દેશીને આમ કહ્યું–

વસ્તુસત્યને જાણીને ભગવાન સંસારનો ત્યાગ કરીને અણગાર બન્યા.

દીક્ષાના અવસરે ભગવાનના શરીર ઉપર અનેક પ્રકારના સુગંધી પદાર્થોનું વિલેપન કરવામાં આવ્યું હતું. ભમરાઓ આ પદાર્થોની સુગંધથી આકર્ષાઈને ભગવાનના શરીર ઉપર આવીને બેસતા અને રસપાન કરવાનો પ્રયત્ન કરતા, પરંતુ રસપાન કરવા ન મળવાથી ગુસ્સે થયેલા ભમરાઓ ભગવાનને તીવ્ર ડંખ મારતા.

દીક્ષાના સમયે ભગવાનના ખભા ઉપર માત્ર એક જ વસ્ત્ર હતું. દીક્ષાના તેર માસ પછી તો તે વસ્ત્ર પણ છૂટી ગયું. હવે ભગવાન સર્વથા અચેલક બની ગયા.

પહોરના પહોર સુધી ભગવાન અપલક નયને ધ્યાન ધરતા. સળંગ લાંબો સમય અપલક નયને ધ્યાન ધરવાથી તેમની આંખોનાં પડ ઊંચાં ચડી જતાં. આવી આંખો જોઈને ડરી ગયેલાં બાળકો 'હાય હાય' કરીને બૂમો પાડતાં અને બીજાં બાળકોને પણ બોલાવતાં.

ઘણા લોકોવાળાં સ્થાનોમાં ભગવાન રોકાતા નહીં. તેઓ બને ત્યાં સુધી એકાંત સ્થળોએ જ રોકાતા. આમ થવાથી એકાંતની શોધમાં નીકળેલી કેટલીક કુશીલ સ્ત્રીઓ પણ ત્યાં આવી જતી અને ભગવાન પાસે ભોગની પ્રાર્થના કરતી. જાગ્રત પ્રજ્ઞાવાળા ભગવાન તો તે સ્ત્રીઓની વાત સાંભળતા જ નહીં. ભોગો સેવવાની તો વાત જ ક્યાં! આવી સ્થિતિમાં પણ ભગવાન તો આત્માના ઊંડાણમાં જ પહોંચી જતા અને ધ્યાનની મસ્તીમાં જ લીન બની રહેતા.

રોકાવા માટે એકાંત સ્થાન ન મળે અને ઘણા લોકોવાળાં સ્થાનમાં રોકાવું પડે તો પણ ભગવાન મનથી તો એકાંતવાસનો જ અનુભવ કરતા અને તેથી તેમના ધ્યાનમાં કોઈ જ ખલેલ પડતી નહીં. કોઈ ગમે તે પૂછે તો પણ તેઓ ઉત્તર વાળતા નહીં. જો કોઈ જવાબ આપવા ફરજ પાડે તો ભગવાન ત્યાંથી મૌનપૂર્વક જ બીજા સ્થાને ચાલ્યા જતા. આવી સ્થિતિમાં પણ તેઓ ધ્યાનભંગ તો ન જ થતા અને મધ્યસ્થભાવે જ રહેતા.

કોઈ અભિવાદન કરે તો ભગવાન આશીર્વાદ ન આપતા. કોઈ તાડન-તર્જન કરે તો ભગવાન શાપ ન આપતા. તેઓ બન્ને સ્થિતિમાં સમભાવ ધારણ કરતા.

દુઃસહ, કપરાં, કઠોર વચનો સાંભળીને ભગવાન ખોટું ન લગાડતા. આવાં વચનોની તેમના મન ઉપર અસર જ ન થતી. તેઓ તો આવા સંયોગોમાં પણ આત્મિક પરાક્રમમાં જ ગળાડૂબ રહેતા.

કથા-વાર્તા, નાટક-ચેટક, ગીત-નૃત્ય અને દંડયુદ્ધ-મુષ્ટિયુદ્ધ જેવી કુતુહલ પ્રેરનારી બાબતોથી ભગવાન સર્વથા અલિપ્ત રહેતા.

કામકથા વગેરે બાબતોમાં આસક્ત એવા લોકો પ્રત્યે ભગવાન હર્ષ અને શોકથી રહિત એવી મધ્યસ્થ અવસ્થા ધારણ કરતા. આવી બધી બાબતોમાં તો ભગવાન મન પણ લગાડતા નહીં, કેમકે તેઓ તો આ બધાથી પર થઈ ગયા હતા.

પોતાની માટે બનેલી ભોજનાદિ સામગ્રીનો તેઓ ક્યારે પણ સ્વીકાર ન કરતા. તેમણે સમજી લીધું હતું કે મુનિઓ માટે બનેલી ભોજનાદિ સામગ્રીનો સ્વીકાર કરવાથી કર્મબંધન થાય છે.

ભગવાનને સ્વાદિષ્ટ ભોજન મળે તો તેઓ લોલુપ ન થતા અને નીરસ ભોજન મળે તો તેઓ ખિન્ન ન થતા.

ભગવાન આંખોને ચોળતા નહીં, આંખોને સાફ કરતા નહીં. અરે તેઓ તો શરીરે ચળ આવે તો ખજવાળતા પણ નહીં!

ચાલતી વખતે ભગવાન ડાબે, જમણે કે પાછળની બાજુએ જોતા નહીં, તેઓ માત્ર માર્ગ તરફ નજર રાખીને અહિંસા પ્રત્યે સભાન બનીને ચાલતા. ચાલતી વખતે તેઓ બને ત્યાં સુધી મૌન જ રહેતા, કોઈ કંઈ પૂછે ત્યારે અનિવાર્ય હોય તો ખપ પૂરતું જ બોલતા.

ભગવાન સ્નાન, મર્દન, વિલેપન, અંગપ્રક્ષાલન કે દંતપ્રક્ષાલન સુદ્ધાં કશું જ કરતા નહીં.

ભગવાન ઠંડીની ઋતુમાં છાયડે રહીને ધ્યાન ધરતા અને ઊનાળામાં તેઓ સૂર્યના તાપમાં-તડકામાં ધ્યાન ધરતા. ઘણી વાર તો તેઓ લૂ વાતી હોય તે દિશામાં ઊભડક આસને બેસીને ધ્યાન ધરતા.

લૂખી કોદરી, સાથવો અને લૂખા અડદ ઉપર જ તેઓ આઠ-આઠ મહિના ખેંચી કાઢતા.

ઘણીવાર પંદર પંદર દિવસ, એક એક મહિનો, બબ્બે મહિના સુધી તેઓ પાણી પણ વાપરતા નહીં. સળંગ છ મહિના સુધી તેમણે પાણી વાપર્યું ન હોય તેમ પણ બની જતું.

ભગવાનને ક્યારેય ઊંઘવાની ઇચ્છા ન થતી. તેઓ રાતભર જાગ્રત અવસ્થામાં જ રહેતા.

## શ્રમણ ભગવાન મહાવીર આવા હતા...

શ્રમણ ભગવાન મહાવીર આસ્રવ રહિત, કાંસ્યપાત્ર જેવા નિર્લેપ, શંખની જેમ રંગ રહિત, જીવની જેમ અવરોધવિહીન ગતિવાળા, આકાશની જેમ આલંબન રહિત, વાયુની જેમ અપ્રતિબદ્ધવિહારી, શરદ ઋતુના પાણી જેવા નિર્મળ હૃદયવાળા, કમલપત્ર જેવા નિર્લેપ, કાચબાની જેમ ગુપ્તેન્દ્રિય, ગેંડાના શીંગડાની જેમ એકાકી, પક્ષીની જેમ સર્વથા મુક્તવિહારી, ભારંડ પક્ષીની જેમ અપ્રમત્ત, હાથી જેવા શૂરવીર, સિંહ જેવા પરાક્રમી, સુવર્ણ જેવી કાંતિવાળા, પૃથ્વી જેવા ક્ષમાશીલ હતા.

*–વિવિધ આગમોમાંથી સંકલિત*

## ત્યાગ : શ્રમણ ભગવાન મહાવીરની નજરે

वत्थ-गंधमलंकारं इत्थीओ सयणाणि य। अच्छंदा जे न भुंजंति न से चाइ त्ति वुच्चइ॥
जे य कंते पिए भोए लद्धे विप्पिट्ठि कुव्वई। साहीणे चयई भोए से हु चाइ त्ति वुच्चइ॥

–દશવૈકાલિક સૂત્ર અ.૨, ગા.૨-૩

'ન મળી નારી એટલે થયા બ્રહ્મચારી' પ્રકારનો સંન્યાસ એ શ્રામણ્ય નથી આ વાતનો પડઘો દશવૈકાલિકમાં દેખાય છે, 'વસ્ત્રો, સુગંધી પદાર્થો, અલંકારો, સ્ત્રીઓ, સુખશય્યાઓ ન મળવાથી તે પદાર્થો ન ભોગવવાથી કંઈ ત્યાગી થઈ ગયા એમ કહેવાય નહીં, અથવા એ પદાર્થો ઉપલબ્ધ હોય તો પણ બિમારી કે એવાં અન્ય કારણોસર એ પદાર્થો ન ભોગવી શકાય એવી પરવશતા ઊભી થાય તેથી પણ કંઈ ત્યાગી થઈ ગયા એમ માની શકાય નહીં.' તો પછી ત્યાગી કોને કહેવાય? 'મનપસંદ અને પ્રિય એવા ભોગપદાર્થો હાથવગા હોવા છતાં અને તે પદાર્થો ભોગવવાની અનુકૂળતા હોવા છતાં તેનો ત્યાગ કરી દે તે ત્યાગી કહેવાય છે.'

અહીં એક પ્રશ્ન ઊભો થવાને અવકાશ રહે છે : કોઈ વ્યક્તિ પાસે ભોગનાં સાધનો પ્રાપ્ત કરવા જેવું આર્થિક સામર્થ્ય ન હોય અને તેને ગુરુગમથી અથવા અન્ય રીતે શુદ્ધ વૈરાગ્ય પ્રાપ્ત થાય અને તે મુનિ બને તો તે ત્યાગી પણ ન ગણાય ને? કારણ કે તેની પાસે ભોગનાં સાધનો હતાં જ નહીં, માટે દશવૈકાલિકના ઉપરોક્ત કથન અનુસાર તો તે ત્યાગીની ગણતરીમાં આવશે નહીં.

આનો ખૂબ સુંદર પ્રત્યુત્તર આપણા પૂર્વાચાર્યોએ એક કથાના માધ્યમથી આપ્યો છે, કથાનો સાર કંઈક આવો છે–

એક કઠિયારાએ સુધર્મા ગણધર પાસે દીક્ષા લીધી. લોકો આ મુનિને ચીડવવા લાગ્યા–'એ તો ખાવા નહોતું મળતું એટલે સાધુ થઈ ગયા.' મુનિએ ગુરુદેવને કહ્યું કે આપણે અન્યત્ર ચાલ્યા જઈએ, કારણ કે અહીંના લોકો વિના કારણે નિંદા કરે છે. મહામંત્રી અભયકુમારના કાને આ વાત આવતાં તેમણે એક ઉપાય કર્યો, એમણે નગરના ચોકમાં રત્નોનો એક મોટો ઢગલો કરાવ્યો અને પછી ઘોષણા કરાવી કે અભયકુમારની શરત જે સ્વીકારશે તેને આ બધાં રત્નો આપી દેવામાં આવશે. શરત આવી હતી : 'આ રત્નોની અપેક્ષા રાખનારે કાયમ માટે અગ્નિ, સચિત્ત પાણી અને સ્ત્રી એ ત્રણેનો ત્યાગ કરી દેવાનો.' સ્વાભાવિક રીતે જ રત્નો લેવા કોઈ તૈયાર ન થયું કારણ કે શરતમાં જણાવેલ વસ્તુઓ છોડી દેવાની હોય તો એકલાં રત્નોને શું કરવાનાં? અભયકુમારે પેલા કઠિયારા મુનિને કહ્યું કે 'તમારામાં મારી શરત પૂરી થાય છે માટે તમે આ રત્નો લઈ લો' ત્યારે નિઃસ્પૃહી મુનિએ પરિગ્રહની અસારતા દર્શાવીને તે લેવાની ના પાડી. અભયકુમારની આ રીતની સમજાવટથી ટીકાખોર લોકોને પોતાની ભૂલનો ખ્યાલ આવ્યો.

તાત્પર્ય એ છે કે પદાર્થોનો ત્યાગ કરતી વખતે તેની પાછળ કઈ દૃષ્ટિ છે તે પણ જોવું જોઈએ.

**–પૂજ્ય મુનિ શ્રી મિત્રાનંદસાગરજી મહારાજ**

## મુનિ : શ્રમણ ભગવાન મહાવીરની નજરે

"....चाई लज्जू धण्णे खंतिखमे जितिंदिए सोहिए अणियाणे अप्पुस्सुए अबहिल्लेस्से सुसामण्णरए दंते...."

–ભગવતીસૂત્ર શ.૨, સૂ. ૩૭

સ્કંદક અણગારના વાર્તાલાપમાં આવેલા વર્ણનનો એક અંશ

'चाई' સંગનો ત્યાગી. સંગ એટલે આસક્તિ. મુનિ આસક્તિથી રહિત હોય. સંગત્યાગના વિવિધ અર્થો જોવા મળે છે : અનુકૂળ ભોજનાદિનો ત્યાગ, રાગ-દ્વેષ અને મમત્વ ઉત્પન્ન કરનાર પદાર્થો, વ્યક્તિઓનો ત્યાગ વગેરે...

'लज्जू' તે લજ્જાળુ હોય. અકાર્ય કરવામાં તેને લજ્જા લાગે એટલે કે શરમ આવે.

'धण्णे' ધન્ય હોય. ગૃહસ્થ જેમ ધન, સંપત્તિ પ્રાપ્ત કરીને ખુશ થાય છે તેમ મુનિ આત્મિક સંપદા પ્રાપ્ત કરીને ધન્ય બને છે.

'खंतिखमे' સામનો કરવા માટે સમર્થ હોવા છતાં તે પ્રતિકૂળ પરિસ્થિતિઓને સહન કરનારો હોય.

'जितिंदिए' તે ઇન્દ્રિયોના વિષયોનો વિજેતા હોય. મુનિ ઇન્દ્રિયોથી નિયંત્રિત ન હોય પરંતુ તે પોતે જ ઇન્દ્રિયોનું નિયંત્રણ કરનારો હોય.

'सोहिए' તે 'શોધી' હોય. શોધી એટલે શુદ્ધિથી યુક્ત–અકલુષિત વૃત્તિવાળો અને દોષોનું શોધન કરનારો એવા બે અર્થ શોધીના થાય છે. 'સોહિએ' નો એક અર્થ 'સુહૃદ્' પણ છે. સુહૃદ્ એટલે મિત્ર. અર્થાત્ મુનિ જગતના જીવો પ્રત્યે મૈત્રી ધરાવનારો હોય.

'अणियाणे' પૌદ્ગલિક પદાર્થોની આકાંક્ષા વગરનો હોય.

'अप्पुस्सुए' પદાર્થો પ્રત્યે અલ્પ ઉત્સુકતાવાળો હોય. આ શું છે? કેવી રીતે બને છે? ક્યાં મળે છે? કેટલામાં મળે છે? શું કામમાં આવે? વગેરે કુતૂહલોથી મુનિ મુક્ત હોય છે. આત્માની મસ્તીમાં જ મસ્ત રહેતો હોવાથી મુનિને કુતૂહલો ઊભાં કરવાનો સમય જ ક્યાંથી મળે!

'अबहिल्लेसे' તેની વૃત્તિ સંયમમાં સ્થિર રહેતી હોવાથી તે બાહ્ય લેશ્યાથી મુક્ત હોય છે.

'सुसामण्णरए' તે સમતામાં રત હોય છે. તે શમત્વમાં રત હોય છે. તે તપમાં રત હોય છે. આથી તે સુશ્રામણ્યમાં રત હોય છે.

'दंते' કષાયો, મન અને ઇન્દ્રિયોનો નિગ્રહ કરનાર હોવાથી તે દાન્ત હોય છે.

**–પૂજ્ય મુનિ શ્રી મિત્રાનંદસાગરજી મહારાજ**

## ભગવાન મહાવીરનું તત્ત્વદર્શન

- જીવાસ્તિકાય વર્ણરહિત, ગંધરહિત, રસરહિત, સ્પર્શરહિત, રૂપરહિત, શાશ્વત, અવસ્થિત લોક દ્રવ્ય છે.

૧. દ્રવ્યની અપેક્ષાએ જીવાસ્તિકાય અનંત, અરૂપી, શાશ્વત જીવદ્રવ્ય છે.

૨. ક્ષેત્રની અપેક્ષાએ સર્વ ક્ષેત્રમાં જીવદ્રવ્ય છે.

૩. કાળની અપેક્ષાએ ત્રણે કાળમાં અસ્તિત્વ ધરાવનારૂં, ધ્રુવ, નિત્ય, શાશ્વત, અક્ષત, અવ્યય અને અવસ્થિત છે.

૪. ભાવની અપેક્ષાએ વર્ણરહિત, ગંધરહિત, રસરહિત, સ્પર્શરહિત, રૂપરહિત છે.

૫. ગુણની અપેક્ષાએ ઉપયોગગુણવાળું દ્રવ્ય છે.

•

## ભગવાન મહાવીરનું જીવનદર્શન

- ચાર પ્રકારના લોકો હોય છે.

૧. કોઈ વ્યક્તિ પ્રથમ પરિચયે ભદ્ર લાગે પરંતુ સહવાસથી અભદ્ર લાગે.

૨. કોઈ વ્યક્તિ પ્રથમ પરિચયે અભદ્ર લાગે પરંતુ સહવાસથી ભદ્ર લાગે.

૩. કોઈ વ્યક્તિ પ્રથમ પરિચયે પણ ભદ્ર લાગે અને સહવાસથી પણ ભદ્ર લાગે.

૪. કોઈ વ્યક્તિ પ્રથમ પરિચયે પણ અભદ્ર લાગે, સહવાસથી પણ અભદ્ર લાગે.

•

## ધર્મપ્રાપ્તિના ઉપાય

ધર્મપ્રાપ્તિના ચાર ઉપાય છે : ક્ષમા, નિર્લોભતા, સરળતા અને મૃદુતા

## શ્રમણ ભગવાન મહાવીરે પૂછ્યું કે...

શ્રમણ ભગવાન મહાવીરે ગૌતમ વગેરે શ્રમણોને પૂછ્યું :
'હે શ્રમણો, જીવોને શાનો ભય છે?'
શ્રમણોએ કહ્યું :
'હે ભગવન્, અમે તે જાણતા નથી. આપ જ કહો કે જીવોને શાનો ભય છે?'
ભગવાન બોલ્યા : 'હે શ્રમણો, જીવોને દુઃખનો ભય છે.'
શ્રમણો : 'હે ભગવન્, એ દુઃખ કોણે કર્યું?'
ભગવાન : 'હે શ્રમણો, જીવે જ એ દુઃખ પ્રમાદના કારણે ઉત્પન્ન કર્યું છે.'
શ્રમણો : 'હે ભગવન્, એ દુઃખ કેવી રીતે ભોગવાય?'
ભગવાન : 'હે શ્રમણો, અપ્રમત્ત થઈને એ દુઃખ ભોગવવું જોઈએ.'

– *સ્થાનાંગસૂત્ર*

## શ્રમણ ભગવાન મહાવીરે કહ્યું કે...

'अरतिं आउट्टे से मेधावी' અરતિમાંથી મુક્ત થાય તે મેધાવી છે.
'पंडिते णो हरिसे णो कुज्झे' પંડિત વ્યક્તિ ન હર્ષ કરે ન શોક કરે.
'कामा दुरतिक्कमा' કામભોગોમાંથી છૂટવું દુષ્કર છે.
'जीवियं दुप्पडिबूहगं' જીવનને લંબાવી શકાતું નથી.

*

### મુનિને ભગવાનની શીખામણ

'जाए सद्धाए निक्खंतो तमेव अणुपालिया'
જે શ્રદ્ધાથી નિષ્ક્રમણ કર્યું છે એ શ્રદ્ધા નિરંતર જાળવી રાખવી જોઈએ.

– *આચારાંગસૂત્ર*

# ભાવભીની વંદના

કલિકાલમાં અજોડ સંયમી પરમ પૂજ્યપાદ સ્વર્ગસ્થ ગચ્છાધિપતિ આચાર્ય શ્રીકૈલાસસાગરસૂરીશ્વરજી મહારાજના સર્વપ્રથમ પટ્ટધર સ્વ. પૂજ્યપાદ પરમ તપસ્વી અનુયોગાચાર્ય શ્રીસૂર્યસાગરજી મહારાજના સ્વર્ગવાસને ચૈત્ર વદ ૪ના મંગળવારે ૨૦મું વરસ શરૂ થઈ રહ્યું છે. આ નિમિત્તે પૂજ્યપાદશ્રીના અંતેવાસી પૂજ્ય વિદ્વાન મુનિરાજ શ્રી. મિત્રાનંદસાગરજી મહારાજની પ્રેરણાથી દર વરસની જેમ આ વરસે પણ માનવરાહત, જીવદયા અને અનુકંપાનાં વિવિધ કાર્યોનું આયોજન કરવામાં આવ્યું છે. પૂજ્યશ્રીની નિશ્રામાં ચૈત્ર વદ ૪ના ભગવતી પદ્માવતીનું પૂજન હવન પણ કરવામાં આવશે.

પૂજ્યપાદ સ્વ. મહારાજશ્રીએ પોતાના જીવનમાં ઉગ્ર તપશ્ચર્યાનો અજોડ દાખલો બેસાડ્યો છે. ૬૮ ઉપવાસ જેવી લાંબી તપશ્ચર્યા હોય છતાં ક્યારેય બપોરે આરામ નહીં, અડસઠમા દિવસે પણ અપ્રમત્તપણે ઊભા ઊભા આવશ્યકાદિ ક્રિયાઓ કરતા હોય, વરસના ૩૩૦ દિવસો તો આયંબિલ જેવી ઉગ્ર તપશ્ચર્યામાં જ જતા હોય.

જીવનમાં ૨૦ ઉપરાંત અઠ્ઠાઈ, ૭ ઉપરાંત માસક્ષમણ, છઠ્ઠ અઠ્ઠમનો તો કોઈ હિસાબ જ નહીં, બે વાર અડસઠ ઉપવાસ, નવકાર મંત્રના ૬૮ અક્ષરના ૬૮ ઉપવાસ અને વચ્ચે વચ્ચે પદ પ્રમાણે આયંબિલથી પારણું (જેમ કે પહેલા પદના સાત ઉપવાસ પછી આયંબિલ, તરત જ બીજા પદના પાંચ ઉપવાસ પછી આયંબિલ, પછી તરત ત્રીજા પદના સાત ઉપવાસ અને પારણે આયંબિલ...) આ રીતે તેઓશ્રીએ કરેલી ૬૮ ઉપવાસની તપશ્ચર્યા એ આજ દિન સુધીનો એક અજોડ રેકોર્ડ છે! સળંગ અડસઠ ઉપવાસનું પારણું હજી તો માંડ કર્યું હોય ત્યાં એકાદ બે અઠવાડિયામાં જ વર્ધમાન તપની લાંબી લાંબી ઓળી ચાલુ કરી દીધી હોય! વર્ધમાન તપની ૮૪ ઓળીઓ કર્યા પછી છેલ્લે અડસઠ વરસની જૈફ વયે સળંગ અડસઠ ઉપવાસ અમદાવાદના ઉસ્માનપુરા સંઘમાં કર્યા. જેને આજ સુધી ભાવિકો યાદ કરે છે.

૭૨ વરસની જૈફ વયે શત્રુંજય ગિરિરાજની છત્રછાયામાં સં. ૨૦૩૯ના ચૈત્ર વદ ૪ના કાળધર્મ પામ્યા.

સ્વર્ગસ્થ પૂજ્યશ્રીના અંતર્મુખી વિદ્વાન શિષ્યરત્ન પદ્માવતી ઉપાસક પૂજ્ય મુનિરાજ શ્રી મિત્રાનંદસાગરજી મહારાજે પોતાના ગુરુદેવશ્રીની અંતિમ કપરી અવસ્થામાં સળંગ ચાર વરસ સુધી રાત-દિવસ જોયા વિના જે અજોડ સેવા કરી હતી તે જોઈને ભાવિક આત્માઓ તાજ્જુબ થઈ ગયા હતા. એવી બેનમૂન સેવાનો જોટો પણ જડવો મુશ્કેલ છે.

'*જય જિનેન્દ્ર*' પરિવાર સ્વર્ગસ્થ પૂજ્યશ્રીનાં ચરણોમાં ભાવભીની વંદનાવલિ અર્પે છે. હે મહાત્મન્! અમને પણ આપના જેવી અપ્રમત્ત તપશ્ચર્યા કરવાનું બળ આપો!

<u>આગામી અંકોમાં</u> : '*જય જિનેન્દ્ર*'માં નિયમિતપણે નક્કી કરેલા બીબાંઢાળ વિષયોના બદલે વાચકોની રુચિને પ્રોત્સાહન મળે, જૈન દર્શન-જૈન ધર્મ અંગે વાચકોને સાચી સમજ મળે એવા ઉદ્દેશ્યથી વિવિધ અંકોમાં વિવિધ સામગ્રી પીરસવામાં આવશે. જેમાં : એક મુનિવરની ડાયરીમાંથી, ક્વિઝ ટાઈમ (મગજ ગોથું ખાઈ જાય એવા ઇનામી પ્રશ્નો), બબલુજી (બાળકોનો વિભાગ), આપનો પત્ર મળ્યો, પુસ્તક પરિચય, નવાં પ્રકાશનો, આગમનો આસ્વાદ, પ્રસાદી (મહાપુરુષોનું અજર અમર ચિંતન), સળગતા પ્રશ્નો (જૈન ધર્મની સળગતી સમસ્યાઓ), ચંદનબાળાનો ચોતરો (પૂજ્ય સાધ્વીજીઓ અને બહેનો માટેનો વિભાગ), બોધકથા, ઘટમાળ (મહત્ત્વના સમાચારો) વગેરે વિવિધ વિષયો આવરી લેવામાં આવશે.

'*જય જિનેન્દ્ર*' કાર્યાલય દ્વારા ૬૮ નિહારિકા બંગલોઝ, આઝાદ સોસાયટી પાસે, આંબાવાડી, અમદાવાદથી પ્રકાશિત. સંપાદક : નિર્વેદ આચાર્ય.